ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



નરેન્દ્રભાઈ એલ મંડિર
સભ્ય
સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા



જ્યોતિબેન રાજેશભાઈ ઠાકોર



ઓમ કાર્તિક પટેલ
મો. ૯૪૨૮૭ ૩૪૪૪૮



હરેશ કે માજીરાણા
મો. ૯૪૨૮૩ ૫૦૫૭૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ આયોજિત ગણેશ મહોત્સવમાં

# સાંઈરામ દવેએ શ્રોતાઓને અંતર અજવાળાં કર્યાં





શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ આયોજિત ગણેશ મહોત્સવ, સૅક્ટર-૯ ખાતે તેરસની રાત્રીએ હાસ્ય, શૌર્ય અને સંસ્કૃતિનો રસ સોળે કળાએ ખીલ્યો હતો. ગુજરાતના ખ્યાત કલાકાર સાંઈરામ દવેના હાસ્ય ડાયરાનો કાર્યક્રમ આયોજિત થયો હતો, જેને માણવા માટે હકડેઠઠ મેદની ઉપસ્થિત રહી હતી. લોકો સુધી અવાજ અને દૃશ્ય પહોંચી શકે એ માટે એક ઍલઈડી સ્ક્રિન પણ ગોઠવવી પડી હતી. પોતાની ઍવરગ્રીન અદામાં હાસ્યની સાથે-સાથે શૌર્ય રસનું જે પીરસણ સાંઈરામે કર્યું હતું એ મેદનીનાં હૈયાંમાં ઊતરી ગયું હતું. સંસ્કૃતિની વાતો કરતાં-કરતાં હાસ્યની વાતો અને હાસ્યની વાતો કરતાં-કરતાં લોકશિક્ષણ કરવાની સાંઈરામની જે કળા છે એ દાદ માગી લે તેવી છે. આગામી દિવસોમાં સફળ લોકશિક્ષક તરીકે આ લોકકલાકાર નામના કાઢે તો નવાઈ નહીં. ગણેશ મહોત્સવમાં સાંઈરામ સોળે કળાએ ખીલ્યા હતા અને પ્રેક્ષકોને એમણે બારે કોઠે દીવા કરી આપ્યા હતા ! એ પછી ગુરુવારે સવારે ગણપતિનાં દર્શન કરવા માટે સ્થાનિક પ્રિ સ્કૂલ કિડઝીનાં ભૂલકાઓ પણ પધાર્યા હતા. તેમણે આસ્થાપૂર્વક ગણપતિનાં દર્શન કરીને કાલીઘેલી ભાષામાં આગામી વર્ષે એમને પુનઃ પધારવા વિનંતી કરી હતી.

### રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે

## પ્રૉજેક્ટ આધારિત શિક્ષણનો અનોખો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૫

શિક્ષણમાં ઈન્ટરનેટ આધારિત માધ્યમોનો વ્યાપ કૂદકે ને ભૂસકે વધતો જાય છે ત્યારે બાળકોને સમાજ સાથે પ્રત્યક્ષ જોડવા ખૂબ જરૂરી બને છે. ભવિષ્યના જવાબદાર નાગરિક તરીકે ાજનાં બાળકો સમાજ સાથે જોડાય, તેમાં પ્રવર્તી રહેલી સમસ્યાઓને જાણે, સમજે અને તે સમસ્યાના સમાધાન માટે ફાળો આપવા કટિબદ્ધ બને તેવા શુભ આશયથી રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા પ્રૉજેક્ટ આધારિત શિક્ષણનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૩થી ૮નાં તમામ બાળકોએ વર્ગદીઠ એક સામાજિક વિષય પસંદ કર્યો હતો, તે વિષય અંગે વર્ગશિક્ષકના માર્ગદર્શન હેઠળ ફિલ્ડ વર્ક પણ તેમણે કર્યું હતું. આયોજનથી લઈને પ્રૉજેક્ટ પૂર્ણ થવા સુધીની તમામ પ્રક્રિયાની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફિ મોબાઈલ ફોનના માધ્યમથી કરવામાં આવી હતી અને તેનું નિદર્શન સંબંધિત ક્ષેત્રોના નિષ્ણાતોની સામે કરવામાં આવ્યું હતું. પૅનલમાં આઈએઍસ પ્રવીણ સોલંકી, સાહિત્યકાર ડંકેશ ઓઝા, કાનૂનવિદ કિરાત દામાણી, પ્લાઝમા રિસર્જ ઈન્સ્ટીટ્યુટ હેડ ડૉ. રામસુબ્રમણ્યમ, પર્યાવરણવિદ ડૉ. મનન શુક્લ, શિક્ષણવિદ ડૉ. શાંતિ શર્મા, રંગોલી ગૃપના ટ્રસ્ટી પ્રણવ સોની, ચૅરમૅન પ્રહર અંજારિયા સામેલ હતા. જેમની પ્રેરક ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો.

### શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળનું અનુકરણીય કાર્ય

## ગણપતિની માટીની પ્રતિમાને માટીમાં ભેળવી દેવાઈ



ગાંધીનગર, તા. ૧૫

શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળે સાતમા યાદગાર ગણેશ મહોત્સવની સાથે-સાથે અન્ય પણ એક યાદગાર અને અનુકરણીય કાર્ય કર્યું છે, જેના માટે એનું નામ ઈતિહાસમાં લખાશે.

આપણે એક તરફ પ્રકૃતિના, પર્યાવરણના રક્ષણની બૂમરામ મચાવીએ છીએ અને બીજી તરફ વારે-તહેવારે પ્રકૃતિનું નિકંદન કાઢીને પર્યાવરણને નુકસાન પહોંચાડવામાં પાછી પાની કરતા નથી; એ કારણે પર્યાવરણ સામે જે જોખમ ઊભું થયું છે એ આપણી આંખ સામે છે. આ સંજોગોમાં પર્યાવરણના બચાવ માટે માત્ર ખોખલી વાતો નહીં, પરંતુ નક્કર પગલાં જ ઉપયોગી સાબિત થશે એ વાતને સમજીને શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળે ગણેશ મહોત્સવ માટે ગણપતિની માટીની પ્રતિમા તૈયાર કરાવી હતી. અને ગણેશ મહોત્સવ પૂર્ણ થયે અનંત ચતુર્દશીના રોજ આ મૂર્તિનું વિસર્જન પણ ગણેશ પંડાલમાં જ કરી દેવામાં આવ્યું હતું. દેખાવમાં બહુ નાની ઘટના પરંતુ માર્ગદર્શન માટે બહુ મોટું પગલું ! 'ગણપતિને તો નદીમાં જ પધરાવાય' એવી માન્યતાનો નમ્રતાથી છેદ ઊડાડીને આ યુવક મંડળે આજે જે પગલું ભર્યું છે એને વર્ષો સુધી યાદ રાખવામાં આવશે અને આજે નહીં તો કાલે, સૌએ આ પગલાને અનુસરવું જ પડશે. ગણેશ મહોત્સવ પંડાલ ખાતે સવારે ગણેશ યાગનું આયોજન કરવામાં આવ્યું હતું એ પછી નિયત થયા મુજબ પંડાલમાં જ એક ખાડો તૈયાર કરવામાં આવ્યો, એમાં પાણી ભરવામાં આવ્યું અને યુવક મંડળના સભ્યોએ પોતાના હાથે જ ગણેશની પ્રતિમાને આ ખાડામાં પધરાવી દીધી. એ પછી પાછો ખાડો પૂરી પણ દીધો. ભાવનામાં ક્યાંય કમી નહીં, ઉત્સાહમાં ક્યાંય ઓટ નહીં. ગણપતિને વિદાય આપતાં સૌની આંખો પણ ભીની થઈ ગઈ ! અદ્દલ પ્રતિવર્ષ જેવી જ ઘટના. પરંતુ, બહુ મોટો અને આવકારદાયક ફરક એટલો કે યુવક મંડળે માટીની પ્રતિમાને માટીમાં જ ભેળવી દીધી અને ઍસી હૉલમાં બેસીને પર્યાવરણ રક્ષણના સૅમિનાર યોજવાવાળાઓને સમજાવી દીધું કે પર્યાવરણનું રક્ષણ કરવા માટે મોટા કાર્યક્રમ કરવાની જરૂર નથી, એની શરૂઆત તો ઘરઆંગણથી જ થઈ શકે તેમ છે, આવી જ રીતે થઈ શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે આ જ સેવાભાવી યુવાનોએ પાંચમા ગણપતિ મહોત્સવ પછી પણ ગણપતિની પ્રતિમાને નદીમાં વિસર્જિત નહોતી કરી, પરંતુ ક્રિષ્ના વૃધ્ધાશ્રમને સોંપી દીધી હતી. એ પછી આજે પર્યાવરણના રક્ષણ માટે એમણે જે ચીલો ચાતર્યો છે એની પર આવતીકાલે દુનિયા ચાલવાની જ છે. ત્યારે આજે આ માર્ગદર્શક ઉદાહરણ માટે સમગ્ર યુવક મંડળને અને એની સાથે સંકળાયેલા આયોજકોને સલામ !

અને હા, મોટા પ્રમાણમાં એકત્ર થયેલા પ્રસાદને ગરીબોનાં ઘર સુધી પહોંચાડવાનું સેવાકાર્ય પણ આ જ સેવાભાવી યુવાનોએ ગુરુવારે કર્યું હતું એ પણ અત્રે ઉલ્લેખનીય છે.

## ડાયરેક્ટ ❤ સે

એક બગડેલી ગાય સો કૂતરાં કરતાં શ્રેષ્ઠ છે.

અર્થાત એક વિપરીત સ્વભાવનો પરમ હિતૈષી વ્યક્તિ એ સો લોકોથી શ્રેષ્ઠ છે, જે તમારી ચાપલૂસી કરે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રાઝ રિબૂટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૧.૦૦

**સ્ક્રીન-૩**
ધી શેલોઝ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
ધી શેલોઝ (હિન્દી)
૫.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
ફ્રિકી અલી
૧૨.૪૫
બાર બાર દેખો
૩.૪૫, ૯.૩૦
કૉલેજ બસ (ગુજરાતી)
૬.૪૫

**સ્ક્રીન-૫**
રાઝ રિબૂટ
સવારે ૧૦.૦૦
પિન્ક
૧.૦૦,૪.૦૦,૧૦.૦૦
ફ્રિકી અલી
૭.૦૦

## ૧૭મીએ ૨૭મી શનિસભા

ગાંધીનગર, તા. ૧૫


ગુજરાતી ભાષાના વિકાસ માટે સ્થપાયેલી માતૃભાષા અભિયાન સંસ્થા તરફથી બાળસાહિત્ય લેખકો માટે દર માસના પહેલા અને ત્રીજા શનિવારે શનિસભાનું આયોજન થાય છે. આ ક્રમમાં ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૬ ને શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ૨૭મી શનિસભાનું આયોજન વીઍમઍસ, ચિત્રકૂટ ફ્લૅટ્સ, સાહિત્ય પરિષદની સામે, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. આ બેઠકમાં લેખક કિશોરભાઈ પંડ્યા 'ચાલો આપણે રમવા જઈએ' નામની પોતાની અપ્રકાશિત કૃતિ રજૂ કરશે.

### આંતરરાષ્ટ્રીય ઓઝોન દિન - ૨૦૧૬

# ઓઝોન અને ક્લાયમેટ : વિશ્વએ હાથ મિલાવી નવપલ્લવિત કર્યું

ઓઝોન ઓક્સિજનનું જ એક સ્વરૂપ છે. વાતાવરણમાં ઓક્સિજન ત્રણ સ્વરૂપે હોય છે. ઓક્સિજન એકલા પરમાણું રૂપે પણ હોય છે. ઓક્સિજનના બે પરમાણુંઓનું સંયોજન થતાં ઓક્સિજન વાયુરૂપે ગણાય છે, અને ત્રીજા સ્વરૂપે ઓક્સિજનના ત્રણ પરમાણુંઓનું સંયોજન, ઓઝોન તરીકે ઓળખાય છે. પૃથ્વી ફરતે છત્રીની જેમ આવરણરૂપી કવચ બનાવવાનો ઓઝોનનો અનેરો ભૌતિક ગુણધર્મ છે. સૂર્યમાંથી ઉત્સર્જિત હાનીકારક યૂવી-(અલ્ટ્રા વાયોલૅટ) કિરણો સામે સમગ્ર જીવસૃષ્ટીને સુરક્ષિત રાખવા ઓઝોનનું આ આવરણ અદ્રશ્ય ગરણું કે ફિલ્ટરની ભૂમિકા અદા કરે છે.

ઓઝોનપડમાં ગાબડું – માહે મે ૧૯૮૫માં, 'બ્રિટીશ એન્ટાર્કિટક સર્વે'ની ટુકડીએ સૌ પ્રથમ એન્ટાર્કિટક 'ઓઝોન-હોલ' અર્થાત્ ઓઝોનમાં પડેલા ગાબડાંનો અહેવાલ આપ્યો હતો. ઓઝોન બનવા અને ઘટવાની કુદરતી ઘટનાક્રમની તુલા જ્યારે ઘટ તરફ વધુ ઝુકે છે, ત્યારે ઓઝોન ડિપ્લિશન કે તેનું પડ ક્ષીણ થયું ગણાય છે. કુદરતીરીતે ઓઝોન ઘટવાની પ્રકીયા કામચલાઉ કે થોડા સમય દરમિયાન જ હોય છે. પરંતુ, વિશ્વના જુદાજુદા ભાગો ઉપરના આકાશ તરફ સ્ટ્રેટોસ્ફેરિક ઓઝોનના એકંદર ઘટાડાના મુખ્ય કારણ માટે, હવે, સને ૧૯૮૦થી માનવ સર્જિત સિન્થેટિક પદાર્થોમાંથી વાતાવરણમાં ભળતા ક્લોરિન અને બ્રોમાઈડ જવાબદાર ગણાય છે.




યૂવી કિરણોની અસરો- સૂર્યમાંથી નીકળતા અલ્ટ્રાવાયોલૅટ કિરણોનો સંભવિત પ્રભાવથી માનવ, પ્રાણીઓ, વનસ્પતિ, જળસૃષ્ટીના સંવર્ધન તેમજ જળજમીનની બાયો-જીઓ-કેમિકલચક્ર પર આડઅસર થાય છે. વળી, આંખના રોગો, ચામડીનું કેન્સર અને ચેપી રોગો થવાના જોખમોની સંભાવ્યતા વધે છે.

**સંયુક્ત વિશ્વની ભૂમિકા**

ઓઝોનનું પડ ક્ષીણ બનવાથી થતી પ્રતિકૂળ અસરો જેવી કે, ચામડીનું કેન્સર, આંખોના મોતીયા, રોગ પ્રતિકારક શક્તિમાં ઘટાડો, ખેતીપાકને નુકશાન, કુદરતી ઈકો-સિસ્ટમ પર અસરોની વાસ્તવિકતાની નોંધ વિશ્વના પ્રથમ પંક્તિના નેતાઓએ લીધી. આથી, આ દેશોએ 'ધ મોનટ્રિયલ પ્રોટોકોલ ઓન સબસ્ટન્સિસ ધેટ ડિપ્લિટ ધ ઓઝોન લૅયર'ના નામે ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૭ના રોજ આંતરરાષ્ટ્રીય કરાર કર્યો. વિશ્વના દેશોએ ઓઝોનપડને ક્ષીણ કરતા જવાબદાર ગણાતા પદાર્થો ઓડીએસ-ઓઝોન ડિપ્લિટિંગ સબસ્ટન્સિસનું ઉત્પાદન તબક્કાવાર બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. આથી, ઓડીએસના ઘણા પદાર્થોનું ઉત્પાદન તબક્કાવાર બંધ કરવાનો કાર્યક્રમ સફળ બન્યો છે. સાથોસાથ, ઓઝોનપડને નવપલ્લવિત બનવાની પ્રકીયામાં આગેકૂચ થઈ રહેલ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે વિશ્વના તમામ દેશોને દર વર્ષે ૧૬મી સપ્ટેમ્બર દિનને સમર્પિત કરવા અનુરોધ કર્યો છે. ૧૬મી સપ્ટેમ્બર-ઓઝોનદિનની ઉજવણી થકી, ઘરગથ્થું અને વાણિજ્ય અથવા ઔદ્યોગિક બજારોમાં રોજબરોજના ઉપયોગી સાધનો અને ટેક્નોલોજીની વૃદ્ધિ કરવા માટે વિકાશશીલ દેશોને અનોખો મંચ ઉપલબ્ધ થાય છે.

આંતરરાષ્ટ્રીય ઓઝોનદિન-૨૦૧૬નું થીમ અંગ્રેજીમાં 'ઓઝોન એન્ડ ક્લાયમેટઃ રિસ્ટોર્ડ બાય અ વર્લ્ડ યુનાઈટેડ' જાહેર થયું છે. આ વિષયવસ્તુને - 'ઓઝોન અને ક્લાયમેટઃ વિશ્વએ હાથ મિલાવી નવપલ્લવિત કર્યું.' એવા વ્યાપક અર્થમાં સમજવાનું છે.

ઓઝોનદિન- ૨૦૧૬ના ઉપરોક્ત થીમમાં, 'વિયેના કન્વેન્શન' અને 'મોન્ટ્રીયલ પ્રોટોકોલ'ના બન્ને કરારમાં સામેલ સઘળા દેશોએ છેલ્લા ત્રણ દાયકાઓ દરમિયાન ઓઝોનપડને પ્રસ્થાપિત કરવા હાથ ધરેલ સામૂહિક પ્રયાસોની ઓળખ દર્શાવી છે. તેમજ ક્લાયમેટ ચેન્જ વિરૂદ્ધ જંગ ખેલવાની વૈશ્વિક પ્રતિબદ્ધતા સામેલ કરી છે.

મોન્ટ્રીયલ પ્રોટોકોલ હેઠળ ઓડીએસ પદાર્થોનું ઉત્પાદન તબક્કાવાર બંધ કરવાના નિર્ણયની સાથોસાથ ઓડીએસના સ્થાને મહત્વના પદાર્થો પૈકી એચએફસી-હાઈડ્રોફ્લોરોકાર્બન્સના પદાર્થો વિકલ્પે પસંદ થયા હતા. હવે, એચએફસીનો મુખ્ય વપરાશ રેફ્રિજરેશન, એર-કન્ડિશનિંગ અને હિટ પમ્પ્સ, ફોમ ઈન્સ્યૂલેશન, એરોસોલ્સ, ફાયર પ્રોટેક્શન તેમજ સોલવન્ટ્સની બનાવટોમાં થાય છે.

**ઓઝોનપડની પરિસ્થિતિ**

આંતરરાષ્ટ્રીય સંમિલિત પ્રયાસોથી ઓઝોનપડ કુદરતીરીતે સ્વયં નવપલ્લવિત થઈ રહ્યું છે. વર્તમાન સદીના મધ્ય સમય સુધીમાં ઓઝોનપડનું ગાબડું પુરાઈ જવાની અપેક્ષા છે. વૈશ્વિકસ્તરથી સ્થાનિક સુધી હાથ મિલાવીને થયેલા પ્રયાસોથી ૧૩૫૦ લાખ ટનથી વધુ પ્રમાણમાં કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન ટાળી શકાયું છે. ઓઝોનપડને હાનિ કરતા ફક્ત ઓડીએસ પદાર્થોનું જ ઉત્પાદન બંધ કરવાના પગલાંથી આ પરિસ્થિતિનું નિર્માણ થઈ શક્યું છે.

આથી, વૈશ્વિકસ્તરે ઓઝોનને બદલે હવે ક્લાયમેટની બાબતને અગ્રતા આપવામાં આવી રહી છે. 'ઓઝોનથી ક્લાયમેટ' તરફની ટેક્નોલોજીનો રોડ-શૉ હાથ ધરવામાં આવી રહેલ છે. આ રોડ-શૉનો ઉદ્દેશ ચાવીરૂપ બાબતોનું ધ્યાનકર્ષણ કરવાનો છે. જેમાં, ઓછા કાર્બનવાળી સક્ષમ ઊર્જા મળી રહે તેવો મુદ્દો આવરી લીધો છે. પર્યાવરણને અવિરત અનુરૂપ રહે તેમજ પરવડે તેવી એચસીએફસીના આધારિત રહિત ઉપલબ્ધ ટેક્નોલોજી અથવા બજારમાં આવી ટેક્નોલોજી તૂર્ત મળી શકે તેવી બાબતોને આ રોડ-શૉમાં આવરી લેવાનો હેતુ છે. વધુમાં, 'દુબઈ પાથ વૅ ઓન હાઈડ્રોફ્લોરોકાર્બન્સ'ની સમજૂતી વર્ષ ૨૦૧૫માં સ્વીકારી છે. હવે, ચાલુ વર્ષ ૨૦૧૬ દરમિયાન હાઈડ્રોફ્લોરોકાર્બન્સ ઘટાડવાના મુદ્દે વર્તમાન કરારમાં સુધારો કરવાના પગલાં લેવામાં આવી રહ્યાં છે. આ સદીના અંત સુધીમાં, ઓઝોનપડ સુરક્ષિત રાખવાનું ચાલુ રહેશે અને બીજી તરફ ગ્લોબલ વૉર્મિંગ ૦.૪ અંશ સેલ્સિયસ વધતુ અટકશે.

**ઓઝોનદિન ઉજવણીના ફાયદા**

ઓઝોન દિનના કાર્યક્રમોથી રાષ્ટ્રીય અને વૈશ્વિક પ્રયાસોને ઓઝોનપડની સુરક્ષા કરવાનું પ્રોત્સાહન મળે છે. આ આંતરરાષ્ટ્રીય ઓઝોન દિનની ઉજવણી વૈશ્વિક ધ્યાન ખેંચવાની તક આપે છે. આ કાર્યક્રમ પર્યાવરણના મહત્વના મુદ્દે પગલાં લેવા યાદ આપીને પ્રેરક બને છે. ઓઝોનપડની સુરક્ષા કરવા માટે વિદ્યાર્થીઓ અને જનસમુદાયોમાં વિશાળ પાયે જનજાગૃતિ કાર્યક્રમો યોજવાની તક મળે છે. શૈક્ષણિક સંસ્થાઓના સક્રિય સહયોગથી શાળાઓના વિદ્યાર્થીઓ માટે ઓઝોનદિન નિમિત્તે જુદી-જુદી સ્પર્ધાઓ યોજાય છે. ઓઝોન કાર્યાલયનો 'ગ્રીનીંગ ધ બ્લ્યૂ' નામનો કાર્યક્રમ, યુનાઈટેડ નેશન્શના ક્લાયમેટ ન્યૂટ્રાલિટી તરફ આગળ વધવાના પ્રયાસોનો એક ભાગ છે. ઓઝોન કાર્યાલય ક્લાયમેટ ન્યૂટ્રાલિટી વિષયક કામગીરી કરે છે. સાથોસાથ, ઓઝોન કાર્યાલય 'વિયેના કન્વેન્શન' અને 'મોન્ટ્રીયલ પ્રોટોકોલ'ની બેઠકો અને આનુષંગિક કામગીરી, ઉપરાંત સંઘટિત/એસોસિએટેડ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનથી નીપજતા કાર્બન ફૂટપ્રિન્ટ માપવાની કામગીરી વડે ક્લાયમેટ ન્યૂટ્રાલિટી તરફ આગળ વધી રહેલ છે. આગળ કઠિન ચઢાણો હજૂ બાકી છે. ઓઝોન પડને ક્ષીણ કરતા પદાર્થો તેમજ ગ્રીનહાઉસ વાયુઓના અતિશય ઉત્સર્જનના અનિષ્ટો સામે પૃથ્વીને સુરક્ષિત કરવાનું અભિયાન ચાલુ રાખવા સહભાગી બનીએ.

- નરેશ ઠાકર

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું વતન - વહાલું વતન'**